# રાજ્યમાં ફરજિયાત મતદાન અમલી બનશે

## મુખ્યમંત્રી આનંદીબેન પટેલે જાહેરાત કરી અટકળોનો અંત આણ્યો : આગામી સપ્તાહમાં ફરજિયાત મતદાન અંગે જાહેરનામુ જારી કરવાનું નીતિન પટેલની જાહેરાત : ફરજિયાત મતદાન માટેના ધારાધોરણો અને નિયમો તૈયાર

અમદાવાદ, તા.૧૮

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં ફરજિયાતપણે મતદાનનો અમલ થશે તેવી ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલે આજે રાજકોટમાં જાહેરાત કરીને આ સંદર્ભમાં ચાલી રહેલી તમામ અટકળોનો અંત લાવી દીધો હતો. આજે શાળા પ્રવેશોત્સવના કાર્યક્રમ દરમિયાન પત્રકારો સાથે વાતચીત દરમિયાન આનંદીબેન પટેલે સ્પષ્ટ શબ્દોમાં એમ કહ્યું હતું કે, આગામી ઓકટોબર માસમાં ગુજરાત રાજયમાં યોજાનારી સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં ફરજિયાત મતદાનનો અમલ થશે. આ રીતે એમણે ફરજિયાત મતદાન અંગે સત્તાવાર જાહેરાત રાજકોટથી કરી દીધી હતી. આ બાબતે ઘણા મતમતાંતરો પ્રવર્તે છે અને વહીવટી અગવડતાઓ પણ ઘણી છે તેવા અહેવાલો આ પહેલા આવી ચૂકયા છે છતાં ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેને ફરજિયાત મતદાન અંગે ગુજરાત સરકારના વલણમાં કોઈ ફેરફાર કર્યો નથી. જો કે, આ બાબતે રાજકીય યુધ્ધના અણસાર પણ પહેલેથી જ આવી ગયા છે. વિપક્ષ દ્વારા આવી હિલચાલનો વિરોધ કરવામાં આવશે તેવું લાગે છે. જો કે આ રાજકીય વિવાદના વંટોળ વચ્ચે ફરજીયાત મતદાન અગે

● અનુસંધાન પાન-૭ પર




**સુવિચાર : પોતાના નિશ્ચયમાં અડગ રહેનારમાં દુનિયાને પોતાની તરફેણમાં વાળવાની તાકાત આપોઆપ આવી જ જાય છે - મનુસ્મૃતિ**


આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૧૦૦ | ૧૯ જૂન, ૨૦૧૫, શુક્રવાર ; અષાઢ સુદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# જિલ્લામાં ૧૧૬૦ સ્થાનોએ યોગ દિવસ ઉજવાશે

## સવાત્રણ લાખ લોકો ૧૯ પ્રકારના યોગાસનો કરશે : સેન્ટ્રલ વિસ્ટામાં મનપા અને વહીવટીતંત્રના સંયુક્ત ઉપક્રમે કાર્યક્રમ : રાજ્યમંત્રી શંકરભાઈ ચૌધરી વિશેષ ઉપસ્થિત રહેશે

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લામાં વિશ્વ યોગ દિવસની ૧૧૬૬ સ્થાનોએ ઉજવણી થશે અને તેમાં ૩,૨૪,૮૨૨ લોકો ભાગ લેશે તેમ જિલ્લાના અધિક નિવાસી કલેકટરશ્રી વિજય કાલરિયાએ આજે જણાવ્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે ગાંધીનગર મહાનગરપાલિકા અને જિલ્લાતંત્રના સંયુકત ઉપક્રમે જિલ્લાકક્ષાનો કાર્યક્રમ ઘ-૪ નજીક સેન્ટ્રલ વિસ્ટા ખાતે યોજાશે. આ યોગ દિવસની ઉજવણીમાં રાજયના રાજયમંત્રીશ્રી શંકરભાઈ ચૌધરી પણ વિશેષ ઉપસ્થિત રહેનાર છે.

તેમણે જણાવ્યું હતું કે સવારે ૫.૪૫ થી રજીસ્ટ્રેશન જિલ્લાકક્ષાના કાર્યક્રમનું શરૂ થશે અને સવારે ૬.૩૦ વાગે કાર્યક્રમની ઉજવણીનો આરંભ થશે.

આ યોગ દિવસની ઉજવણીના કાર્યક્રમ માટે લકુલેશ યુનિ. છારોડીના સ્વયંસેવકો દ્વારા વિશેષ તાલીમનો પ્રબંધ કરવામાં આવ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર



શાળાનો પ્રથમ દિવસ - ગાંધીનગર શહેરમાં આજથી શાળા પ્રવેશોત્સવના પ્રથમ દિવસે ૨૦૦થી વધુ બાળકોના નામાંકન થયા હતા... સરકારી પ્રાથમિક શાળાના પગથિયે ભણતરની શરૂઆત કરતાં બાળકોની આંખોમાં કેવા-કેવા શમણા ઉગતા હશે એ સમાજવાનો પ્રવેશોત્સવનો સાચો મર્મ છે...

# જિલ્લામાં ૧૩૦૦થી વધુ સ્થાનો પર પોરાભક્ષક માછલીઓ મુકાઈ

## સૌથી વધુ ગાંધીનગર તાલુકામાં આ પછી માણસા કલોલ અને દહેગામમાં મુકવામાં આવી છે : સગર્ભા બહેનોને મેલેરિયાથી રક્ષિત કરવાનું પણ આયોજન

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર જિલ્લાના ૧૩૦૦થી વધુ સ્થાનો પર વાહકજન્ય રોગચાળો થતો અટકે તે માટે ગપ્પી (પોરાભક્ષક) માછલીઓ મુકવામાં આવી છે અને આગામી દિવસોમાં આ સંખ્યા ત્રણ હજાર સ્થાનો સુધી પહોંચશે.

જિલ્લા મેલેરિયા તંત્ર દ્વારા મેલેરિયા વિરોધી માસની ચાલી રહેલી ઉજવણી અંતર્ગત અત્યાર સુધીમાં પાંચ હજારથી વધુ મચ્છરદાનીઓને દવાવાળી કરી આપવામાં આવી હોવાનું પણ તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

જિલ્લામાં પોરાભક્ષક (ગપ્પી) માછલીઓ જાહેર સ્થાનો તેમજ બિન ઉપયોગી ખુલ્લી ટાંકીઓમાં જયાં પાણી ભરાયેલું રહે છે તેવા સ્થાનોમાં મુકવામાં આવી છે.

આ પોરાભક્ષક માછલીઓ સૌથી વધુ ગાંધીનગર તાલુકામાં મુકવામાં આવી છે. ગાંધીનગર તાલુકામાં ૭૨૧ સ્થાનો, કલોલમાં ૧૭૭ સ્થાનો, માણસામાં ૩૭૦ સ્થાન અને દહેગામના ૫૫ સ્થાનો પર આ માછલીઓ મુકવામાં આવી છે.

સગર્ભા મહિલાઓને મેલેરિયા સામે રક્ષિત કરવા માટે મચ્છરદાની

● અનુસંધાન પાન-૭ પર

# સમાજમાં શિક્ષણની ભુખ તીવ્ર છે ત્યારે ગુણવત્તાસભર શિક્ષણ જરૂરી : ભાદુ

## ઈન્દ્રોડા ખાતે પ્રવેશોત્સવનો પ્રારંભ કરાવતાં ભાદુએ ગુણોત્સવના નબળા પરિણામ સામે નારાજગી વ્યક્ત કરી શિક્ષકોને પણ ટપાર્યા

ગાંધીનગર, તા. ૧૮

સમાજમાં શિક્ષણ માટેની ભુખ



તીવ્ર બની છે ત્યારે સુવિધા સભર સરકારી શાળાઓમાં ગુણવત્તાસભર શિક્ષણથી બાળકને સજ્જ કરવાની તાતી જરૂરિયાત છે તેમ મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવ શ્રી અજય ભાદુએ આજે ઈન્દ્રોડા ખાતે શાળા પ્રવેશોત્સવનો પ્રારંભ કરાવતાં કહ્યા હતા.

તેમણે જણાવ્યું કે એક જ કેમ્પસમાં બેસતી બે શાળાઓમાંથી એક શાળાને બી ગ્રેડ અને એક શાળાને ડી ગ્રેડ મળે તે જોઈ મને દુઃખ થયું છે. તેમણે શિક્ષકોને આ બાબતમાં ચિંતન કરવા સૂચન કરી જણાવ્યું હતું કે ધો. ૬ અને ૭ના નબળા પરિણામો પણ ચિંતાજનક છે.

તેમણે કહ્યું હતું કે સ્પર્ધાનો જમાનો છે અને સરકારે તમામ સુવિધાઓ અને પુરતા પગાર સાથે તમને નોકરી આપી છે. બાળકના ઘડતરની કપરી જવાબદારી તમારી શિરે છે તે ના ભુલો. દરેક બાળકમાં પડેલી શક્તિઓને ઉજાગર કરવી જ પડશે. તેમણે શિક્ષકોને ટપારતાં એવું પણ સૂચન કર્યું હતું કે વાલી સાથે પણ વિદ્યાર્થીના અભ્યાસને લઈ સંપર્ક સઘન બનાવવો જોઈએ.

આ પ્રસંગે ત્રણ નાની બાળાઓને વિદ્યાલક્ષમી બોન્ડ પણ તેમના હસ્તે એનાયત કરવામાં આવ્યા હતા. તેમણે આંગણવાડીના ભુલકાઓને રમકડાની કીટ પણ આપી હતી.

શાળામાં વૃક્ષારોપણ કરી અને ગ્રામજનોના પ્રશ્નોની પણ જાણકારી તેમણે મેળવી હતી.

શ્રી ભાદુની સાથે આ પ્રસંગે ભાજપના મહામંત્રી શ્રી મુકેશ જાની, મહિલા ઉપાધ્યક્ષ ગીતાબેન પટેલ, કાઉન્સીલર શ્રી હસમુખભાઈ મકવાણા પણ જોડાયા હતા. તેમણે આ પ્રસંગે દાતાઓનું પણ સન્માન કર્યુ હતુ. શહેરી વિસ્તારની શાળાઓના ગુણોત્સવના નબળા પરિણામને તેમણે ચિંતાજનક લેખાવી પુનઃ ગુણોત્સવ દરમ્યાન શાળાની મુલાકાતે આવશે તેમ જણાવ્યું હતું.

# પાલજમાંથી કોલેરા પોઝીટીવ કેસ મળ્યો

## શ્રમિક ૨૫ વર્ષની આયુ ધરાવે છે : તંત્ર દ્વારા હાથ ધરાયેલુ સર્વેલન્સ : દર્દી ગાંધીનગર સિવિલમાં સારવાર હેઠળ : સ્થિતિ સુધારા પર છે : તંત્ર

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ જુના પાલજ ગામમાંથી આજે કોલેરા પોઝીટીવનો એક કેસ મળી આવતાં તંત્રમાં દોડધામ મચી જવા પામી છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૨૫ વર્ષીય શ્રમિક યુવકને આજે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં પરીક્ષણ દરમ્યાન કોલેરા પોઝીટીવ જણાઈ આવ્યો હતો. ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ઈન્ડોર દર્દી તરીકે હાલ આ દર્દીની સારવાર ચાલી રહી છે અને ત્યાં તેની સ્થિતિ સુધારા પર હોવાનું જાણવા મળેલ છે.

આરોગ્યતંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે શ્રમિક યુવક રોજગારી માટે આવ્યો છે. તંત્ર દ્વારા આ વિસ્તારમાં સઘન સર્વેલન્સની સૂચનાઓ આપી દેવામાં આવી છે. જો કે આસપાસમાંથી અન્ય કોઈ દર્દી નહિ મળ્યાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર જિલ્લામાં ચાલુ વર્ષે આ ચોથો કેસ કોલેરા પોઝીટીવનો મળી આવ્યો છે. અગાઉ ત્રણ કેસ મળ્યા હતા જેમાં બે દહેગામ તાલુકાના એક ગાંધીનગર તાલુકાના નોંધાયા હતા.

તંત્રના સૂત્રોએ જણાવ્યું છે કે પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ છે. એકલ દોકલ કેસથી રોગચાળાની સ્થિતિ છે તેવુ કહી શકાય નહિ. આ સૂત્રોએ જણાવ્યું છે કે તંત્ર દ્વારા પરિસ્થિતિ પર સંપૂર્ણ સતકર્તાથી નજર રાખવામાં આવી રહી છે.

# ગાંધીનગર રેન્જના ૧૯૨ પોલીસ કોન્સ્ટેબલને પ્રમોશન

## ગાંધીનગર જિલ્લાના ૧૦૪ કોન્સ્ટેબલનો સમાવેશ : શૈક્ષણિક સત્ર શરૂ થયા બાદ થયેલી બઢતીને પગલે પોલીસ મુંઝાઈ

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર રેન્જના પોલીસ કોન્સ્ટેબલ બઢતીની કાગડોળે રાહ જોઈ રહ્યા હતા ત્યારે આજે રેન્જ આઈજીપી હસમુખ પટેલે રેન્જની ચાર જિલ્લાની પોલીસ પૈકી ૧૯૨ કોન્સ્ટેબલની બઢતીના ઓર્ડર કર્યા છે. જેમાં ગાંધીનગર જિલ્લાના ૧૦૪ કોન્સ્ટેબલનો સમાવેશ થાય છે. નોંધનીય છે કે પ્રમોશન બાદ કોન્સ્ટેબલના જિલ્લાફેર બદલીઓ થતા મુંઝાયા છે. કેમ કે શૈક્ષણિક સત્ર શરૂ થઈ ગયા હોવાથી બાળકોના એડમીશન શાળામાં થઈ ગયા ઉપરાંત શાળાઓ પણ શર થઈ ગઈ છે. જેને પગલે પરિવારને સાથે લઈ જવા મુશ્કેલ બનશે.

રેન્જ આઈજીપી હસમુખ પટેલે રેન્જના ચાર જિલ્લાના ૧૯૨ પોલીસ કોન્સ્ટેબલને હેડ કોન્સ્ટેબલના પ્રમોશનના ઓર્ડર જારી કર્યા છે. જેમાં ગાંધીનગર જિલ્લાના ૧૦૪ કોન્સ્ટેબલ છે. બઢતી સાથે ૧૯૨ કોન્સ્ટેબલની જિલ્લા બહાર બદલી થવા પામી છે. જેને પગલે તમામ મુંઝવણમાં મુકાયા છે. શૈક્ષણિક સત્ર શરૂ થયા બાદ બઢતી મળી હોવાથી તેમની મુશ્કેલી વધી છે. બાળકોના એડમીશન થઈ ગયા ઉપરાંત શાળાઓ પણ શરૂ થઈ ગઈ હોવાથી હવે જિલ્લા બહાર બાળકોને લઈ જવા અને બીજે એડમીશન કરાવવું અશક્ય છે જેને કારણે હવે પરિવારને સાથે લઈ જઈ શકાય તે સ્થિતિ નહીવત છે. એક મહિના પહેલા પ્રમોશન થઈ ગયા હોત તો જેને જિલ્લાની શાળામાં બાળકોના એડમીશન કરાવી પરિવારને પણ સાથે લઈ જઈ શકાયા હોત..! જો કે એક તરફ ગમ તો બીજી તરફ ખુશી પણ છે જ..!


**૧ થી ૩૦ સેક્ટર માટે**
આપનું LED TV, LCD TV, Colour TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી
ફક્ત ફોન કરો.
**સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ**
સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. : ૯૪૨૬૨ ૭૦૪૮૧, ૯૭૧૪૧ ૯૮૩૬૬



ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧



**ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.**
મધુર ડેરી, સેક્ટર-૨૫, 'ક' રોડ, ગાંધીનગર
ફોન : ૨૩૨૭૮૧૩૪ થી ૩૮, ફેક્સ : ૨૩૨૮૭૧૪૦

ઉપરોક્ત સંસ્થાના દશેલા કેટલ ફાર્મ ખાતે સંસ્થાની ગાયો અને વાછરડીઓ માટે નીચે જણાવ્યા પ્રમાણેની લીલા /સૂકા ઘાસની જથ્થાબંધના ભાવે જરૂરિયાત હોઈ, રસ ધરાવતી પાર્ટીઓએ જાહેરાત પ્રસિદ્ધ થયાની તારીખથી કચેરી સમય દરમિયાન ઉપરોક્ત સ્થળે સીલબંધ કવરમાં તા. ૨૩/૬/૨૦૧૫ના ૧૭:૩૦ કલાક સુધીમાં આપના ભાવ / ઓફર મોકલી આપવા જણાવવામાં આવે છે.

સમય મર્યાદા બહાર આવેલા ભાવ / ઓફર કોઈપણ સંજોગોમાં સ્વીકારવામાં આવશે નહિ. આવેલ ભાવ / ઓફરનો સ્વીકાર કે અસ્વીકાર કરવાનો અબાધિત અધિકાર મેનેજીંગ ડિરેક્ટરશ્રીનો રહેશે.

| | |
|---|---|
| ૧. | જુવારના પૂળા (સુકું ઘાસ) |
| ૨. | જુવારના પૂળા (લીલુ ઘાસ) |
| ૩. | બાજરીના પૂળા |
| ૪. | રજકો (લીલો) |

મેનેજીંગ ડિરેક્ટરશ્રી



ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY Total Waterproofing Solution
Waterproofing ka champion
**શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ**
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.



**Smt. S. G. English Medium Primary School**
Managed By : Sarva Vidyalaya Kelavani Mandal (Kadi), Gandhinagar Branch
Limited seats available for Std. 2nd & 3rd Only
2015-2016 Admission OPEN
Academic Excellence | Seminar Hall | SMS alert | Bus facility | Large play ground | Well equipped library | Aesthetic Environment | Scholarships | ABL (Activity Based Learning) | Education through play way method. | Each classroom with overhead projectors. | Adventure camp, picnic, tour & educational field trips.
Sarva Vidyalaya Campus, Gh-6 Road, Sector-23, Gandhinagar - 382 023
Ph.No. : +91-79-23243441 | E-mail : smtsgschool@gmail.com
www.sgschool.edu.in